મોડાસામાં આન-બાન-શાન સાથે ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

ગુજરાત આપત્તિને અવસરમાં પલટાવવાનું સામર્થ્ય ધરાવે છે

બાયડ તા.૧૬

અરવલ્લી જિલ્લાકક્ષાનો ૭૫મો સ્વાતંત્ર્ય પર્વ મોડાસાની ઈજનેરી કોલેજ ખાતે જિલ્લા સમાહર્તા શ્રી નરેન્દ્રકુમાર મીનાની ઉપસ્થિતિમાં યોજાયો હતો જયાં તેમણે ધ્વજવંદને સલામી આપી પોલીસ પ્લાટુનનું નિરીક્ષણ કર્યું હતું. કલેકટર શ્રી નરેન્દ્રકુમાર મીનાએ જિલ્લાવાસીઓને સ્વાતંત્ર્ય પર્વની શુભકામનાઓ પાઠવી હતી સાથે કોરોના વોરીયર્સને પણ શુભેચ્છાઓ અપર્ણ કરી હતી. તેમણે અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ અપાવનાર મંગલ પાંડેથી માંડી ભગતસિંહ, શ્યામજી કૃષ્ણવર્મા, મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભાઈ પટેલ સહિતના નામી-અનામી વીરસપૂતોને શ્રધ્ધાસુમન અપર્ણ કર્યા હતા. કલેકટરશ્રીએ વૈશ્વિક મહામારીમાં કોરોનાને મ્હાત આપવા સૌ લોકો એકજુટ બન્યા જેથી પરિસ્થતિને કાબુમાં લઈ શક્યા હોવાનું જણાવતા ઉમેર્યું હતુ કે, દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની દિઘર્દ્રષ્ટીથી આરોગ્યક્ષેત્રે અસરકારક કદમ લેવાયા છે. તેમણે ગુજરાતીઓની વાત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના લોકો આપત્તિને અવસરમાં પલટાવવાનું સામથર્ય ધરાવે છે. ભૂતકાળમાં ગુજરાત પર આવેલી અનેક મુશ્કેલીઓનો સામનો કરી વિકાસયાત્રોને આગળ વધારી છે. કલેકટર શ્રીએ કોરોના મહામારીમાં ફ્રન્ટ લાઈન કોરોના વોરીયર્સ અને અન્ય સહયોગી સંસ્થાઓની કામગીરીને બિરદાવી મહામારીમાં જીવ ગુમાવનારને શ્રધ્ધાજંલિ પાઠવી તેમના પ્રત્યે

સંવેદના વ્યકત કરી હતી.

કલેકટર શ્રીએ અરવલ્લી જિલ્લાની વાત કરતા જણાવ્યું હતું કે, ૨૦૧૩થી આ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો ત્યારથી વિકાસક્ષેત્રે હરણફાળ ભરી રહ્યો છે. શામળાજીના કાળીયા ઠાકોર અને બૌધ્ધની અમૂલ્ય વિરાસત ધરાવતા શ્રધ્ધાના કેન્દ્રો છે. આઝાદીકાળમાં અમૂલ્ય ફાળો આ જિલ્લાનો રહ્યો છે. તો સાહિત્યક્ષેત્રે નામના ધરાવનાર ઉમાશંકર જોષી અને પન્નાલાલ પટેલ આ જિલ્લાના સપૂત હોવાનું જણાવ્યું હતું. જિલ્લામાં થયેલા વિકાસલક્ષી કામોની વાત કરતા કલેકટર શ્રી નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષો ખુબ કપરા રહ્યા. લોકડાઉનના લાંબા કાળ બાદ આપણા જિલ્લાનું જનજીવન પુનઃ ધબકતું થયું. જિલ્લામાં સાર્વજનિક હોસ્પિટલ અને વાત્રક હોસ્પિટલને કોવિડ કેર સેન્ટર જાહેર કરવાની સાથે ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત કરતા દર્દીઓને મફતમાં ઘનિષ્ઠા સારવાર અપાઈ તેમજ સંક્રમણથી બચાવવા જિલ્લાના ૨,૯૪,૮૨૫ લોકોને RTPCR અને RAPID ANTIGEN TEST કરાયા તો કોવિડ અટકાયતી કામગીરીમાં રસીકરણ કામગીરીએ અગત્યની કામગીરી હાથ ધરી ૪,૪૪,૮૭૭ લોકોને રસીનો પ્રથમ ડોઝ જયારે ૧,૮૪,૯૬૦ લોકોને રસીનો બીજો ડોઝ હેઠળ આવરી લેવાયા છે જયારે આગામી સમયમાં રૂ.૫૫ કરોડના ખર્ચે નવરચિત અરવલ્લી જિલ્લામાં આગામી સમયમાં સિવિલ હોસ્પિટલનું નિર્માણ થતા આરોગ્ય સુખાકારીમાં વધારો થશે તેમ કલેકટરશ્રીએ ઉમેર્યું હતું. તેમણે નલ સે જલની વાત કરતા કહ્યુ હતુ કે જિલ્લાના ૬૭૫ ગામોમાંથી ૨૮૪ ગામોના ૨,૯૦,૭૭૮ ઘરોમાંથી ૮૯,૦૫૪ ઘરોને ઘરજોડાણ હેઠળ આવરી લેવાયા છે. જયારે નર્મદાના નીર ઘરે ઘરે પંહોચે તે માટે પાણી પુરવઠાની વિવિધ યોજનાઓ કાર્યન્વિત કરાઈ હોવાનું જણાવ્યું હતુ. તેમણે મોડાસા અને બાયડ શહેરમાં હાથ ધરનાર વિકાસકાર્યોની પણ વાત કરી હતી. તેમણે જિલ્લાના છ તાલુકાઓમાં રૂ. ૧૦૧૦.૬૫ લાખના ખર્ચે ૭૪૯ કામો હાથ ધરવામાં આવનાર હોવાનું જણાવી સ્વચ્છતા ક્ષેત્રે ૧૬૮ કરોડના ખર્ચે ૧,૪૦,૦૦૦ શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનું પણ જણાવ્યું હતું, જયારે રૂ. ૪૨૦ કરોડના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૯૦૧૭ આવાસ મંજુર કરી તેમણે ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરાયું છે. તેમણે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના, સખી મંડળ અને ગરીબ લાભાર્થીઓ માટે કરાયેલ કલ્યાણકારી કામોની પણ વિગત આપી હતી. શિક્ષણક્ષેત્ર નોંધનીય કામગીરી થઈ હોવાનું પણ જણાવ્યું હતું. કોરોના કાળમાં કોઈ નાગરીક ભૂખ્યા પેટે ન સુવુ પડે તે માટે ૧,૫૬,૪૭૯ પરીવારોને વિનામૂલ્યે રાશન અપાયું છે. જયારે વન નેશન વન રેશન યોજનામાં જિલ્લામાં પ્રોત્સાહક કામગીરી કરાઈ છે.

જિલ્લામાં ધોરીમાર્ગોના થયેલા વિકાસની વાત કરતા જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષમાં રૂ.૭૦.૪૪ કરોડના ખર્ચે ૧૯ કામો નવા મંજૂર થયા છે જયારે જિલ્લામાં આઈટીઆઈ, છાત્રાલય, ટ્રાયબલ હાટ સહીતના નવિન ભવનોનું કામ અને ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓનું સુદ્દઢીકરણ હાથ ધરવામાં આવશે તેમ ઉમેર્યું હતું. ખેતીક્ષેત્રે થયેલા કામની વાત કરતા જણાવ્યું હતું કે, જિલ્લાના ૧.૬૯ લાખ ખેડૂતોને કિસાન સન્માન નિધી હેઠળ આવરી લઈ રૂ. ૧૦૨ કરોડની સહાય પુરી પડાઈ છે તેમજ તેમને ટેકાના ભાવે ખરીદી અને સર્ટીફાઈડ બિયારણ સહીતના લાભો પુરા પાડવામાં આવ્યા હોવાનું કલેકટર શ્રીએ ઉમેર્યુ હતું. તેમણે જિલ્લામાં કુપોષણ નિવારવા હાથ ધરાયેલા વિવિધ અભિયાનોની વાત કરી હતી. ઉજવણી પ્રસંગે તાલુકાના વિકાસ અર્થે રૂ. ૨૫ લાખનો ચેક અપર્ણ કરાયો હતો તેમજ કોરોના કાળમાં વિશિષ્ટ સેવા પ્રદાન કરનાર કોરોના વોરીયર્સ તેમજ સેવાભાવી સંસ્થાઓનું સન્માન કરાયું હતું. આ ઉપરાંત કોલેજના પ્રાંગણમાં મહાનુભવોના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી શ્વેતા ટેવટીયા, જિલ્લા પોલીસ વડા શ્રી સંજય ખરાત, નિવાસી અધિક કલેકટર શ્રી પ્રદિપસિંહ રાઠોડ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અધિકારીશ્રી, બી.ડી.ડાવેરા,પ્રાંત અધિકારી શ્રી મંયક પટેલ,જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી શ્રીમાળી,મામલતદાર શ્રી ગઢવી તેમજ જિલ્લા અગ્રણી શ્રી રાજેન્દ્ર પટેલ, શૈલેષ ભોઈ, ભીખાજી ડામોર સહિત અન્ય અધિકારીશ્રીઓ-પદાધિકારી તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

જન્મદિને વધામણી

ધવલકુમાર કે. ભાટીયા
(સાંઈ ફ્લેટ)
બાયડ, જિ.અરવલ્લી

મનિષભાઈ પટેલ
(પ્રા. શિક્ષક)
(વ્રજભૂમિ સોસાયટી)
બાયડ(દખણેશ્વર)

ભૂપતસિંહ ચુ. સોલંકી
(પૂર્વ સંગઠન પ્રમુખ : બાયડ તાલુકા ભાજપ)
દેરોલી, તા.બાયડ

આશિષભાઈ ડી. પટેલ
રડોદરા, તા.બાયડ

તલોદ પાલિકામાં ૭૫મા સ્વતંત્ર્ય પર્વની દબદબા પૂર્વક ઉજવણી

તલોદ. તા. ૧૬

તલોદ પાલિકાના રાજીવ ગાંધી ભવનના પ્રાંગણમાં ૧૫ મી ઓગસ્ટ મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી પાલિકાના પ્રમુખ દક્ષાબેન પ્રકાશસિંહ ઝાલા એ ધ્વજવંદન ફરકાવી સલામી આપી હતી પાલિકા ના કાઉન્સીલરો કર્મચારી સ્ટાફ ગણ તેમજ નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા

પાલિકાના ચીફ ઓફિસર સંજય કુમાર રામાનુજ ૭૫માં સ્વતંત્ર પર્વની નગરજનો ને શુભકામના પાઠવતા વિવિધ વિકાસ લક્ષી કામોને બહાલી આપી હતી સ્વતંત્ર્ય સેનાની અને દેશ માટે બલિદાન આપનાર વીરો ને યાદ કરી આજની યુવા પેઢી દેશનું સુકાન સોંપવા અને તેમણે પ્રગતિ રૂપ દેશ માટે આગળ ધપાવવા નો સમય હોવાનું પણ જણાવ્યું હતું

પાલિકા તેમજ તેમની તમામ સંસ્થાઓ અને ઠેર-ઠેર સ્વચ્છતા અભિયાન થી નગર માં ઝગમગાટ લાઈટો કરી પાલિકાના ભૂલકાઓ થી સાંસ્કૃતિક કાર્યક્રમો કરી દબાવતા પૂર્વક ૭૫ માં સ્વતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

અડપોદરા હાઈસ્કૂલમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

રાયગઢ, તા.૧૬

હિંમતનગર તાલુકાના અડપોદરા ખાતેની શ્રી એન.ડી.શાહ હાઈસ્કુલમાં ૭૫માં સ્વાતંત્ર્ય પર્વે શાળાના વય મર્યાદાને કારણે નિવૃત થનાર મદદનીશ શિક્ષક આર.સી.પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના આચાર્યશ્રી એસ.જે.પટેલ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય પર્વે શિક્ષકો, મંડળના સભ્યશ્રીઓ, વિદ્યાર્થીઓ, ગ્રામજનો તથા આમંત્રિત સર્વેએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં હાલ કોરોનાની ગાઈડલાઈનનું ચૂસ્તપણે પાલન કરવામાં આવેલ હતું.

ઉમા વિદ્યાલયમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ

ગાંભોઈ, તા.૧૬

હિંમતનગરના મોતીપુરા ખાતેની શ્રી કચ્છ કડવા પાટીદાર ઉમા કેળવણી મંડળ સંચાલિત આર.ડી.પોકાર ઉમા વિદ્યાલય ૭૫માં સ્વાતંત્ર્યદિનની ધામધૂમથી ઊજવણી કરવામાં આવી હતી. હિંમતનગરના અગ્રણી, ઉદ્યોગપતિ અને લેખકશ્રી હંસરાજભાઈ શાંખલાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે સંસ્થાના મંત્રી રસિકભાઈ છાભૈયા સહિત મંડળના તમામ હોદ્દેદારો આચાર્યશ્રી, શિક્ષક મિત્રો, વાલીઓ તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામા આવી

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગર પાલિકા દ્વારા ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામા આવી હતી જેમા પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ દ્વારા ધ્વજ વંદન કરવામા આવ્યુ હતુ.

પ્રાંતિજ નગર પાલિકા દ્વારા પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તાર મા આવેલ અંબાજી મંદિર ચોક ખાતે ૭૫ મા સ્વાતંત્ર્ય પર્વ ની ઉજવણી કરવામા આવી હતી જેમા પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ દ્વારા ધ્વજ વંદન કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે નગર પાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા, નગર પાલિકા ચીફઓફિસર ઊર્મિલાબેન સુમેસરા, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, તાલુકા અધ્યક્ષ કે.પી.પટેલ, પૂર્વ પ્રમુખ ગીરીશભાઈ પટેલ, નગરપાલિકાના કોર્પોરેટર દિલીપભાઈ રાવળ, રાજેશભાઈ ટેકવાણી, નયનભાઈ દેસાઈ, સહિત ના કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા તો નગરપાલિકા કર્મચારીઓ સહિત નો સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યો હતો અને તિરંગાને સલામી આપી હતી.

પ્રાંતિજ ખાતે ૧૫મી ઓગસ્ટની પૂર્વ સંધ્યાએ મશાલ રેલી યોજાઈ

ભાજપ યુવામોરચા દ્વારા મશાલ રેલી યોજાઈ : સાંસદ, પૂર્વ મંત્રી સહિત ભાજપ કાર્યકરો નગરપાલિકા કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભાજપ યુવા મોરચા

દ્વારા ૧૫મી ઓગસ્ટ ની પૂર્વ સંધ્યાએ પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશનથી નાનીભાગોળ પંખીધર સુધી મશાલ રેલી યોજાઈ હતી જેમા સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, સહિત ભાજપ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજ ભાજપ યુવા મોરચા દ્વારા ૧૫ મી ઓગસ્ટ ની પૂર્વ સંધ્યાએ મશાલ રેલી નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન થી પ્રાંતિજ બજાર ચોક થઈ ને નાનીભાગોળ ખાતે આવેલ પંખીધર સુધી મશાલ રેલી પોહચી હતી તો મશાલ રેલી મા સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, તાલુકા પ્રમુખ બળવંતભાઈ પટેલ, જીલ્લા કારોબારી અધ્યક્ષ વિપુલભાઈ પટેલ, જિલ્લા સદસ્ય કે.પી.પટેલ, યુવા મોરચા પ્રમુખ કુશવ ભાઈ બ્રહ્મભટ્ટ, નગરપાલિકા કોર્પોરેટર રાજેશભાઈ ટેકવાણી સહિત નગરપાલિકા ના કોર્પોરેટરો સહિત ભાજપ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

ચમારપુર પ્રા.શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

બાયડ તાલુકાની ચમારપુર પ્રા.શાળામાં રાષ્ટ્રના ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી. પૂર્વ એસ. એમ.સી. અધ્યક્ષ પર્બતભાઈ ભવાનભાઈ ચૌહાણે ધ્વજવંદન કરાવ્યું હતું. શાળાના આચાર્ય ભરતકુમાર એલ. પટેલે સર્વ આમંત્રિતોને આવકારી કોવિડ-૧૯ અંગેના એસ.ઓ.પી.ની સૌને માહિતી આપવામાં આવી હતી. ગામના ૧૮ વર્ષથી ઉપરના તમામ લોકો કોરોના વેક્સિન લઈ પોતાની જાતને સુરક્ષિત બનાવે તેવી અપીલ કરી હતી.

ગણપત યુનિવર્સિટીને કોવિડ-૧૯ની ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનિત કરાઈ

મહેસાણા, તા. ૧૬

આપણા રાજયની સંવેદનશીલ સરકાર દ્વારા આપણી આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થયાના ભાગરૂપે ઉજવાતા અમૃત મહોત્સવ નિમિત્તે તા ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૧ ને રવિવારના રોજ મહેસાણા પોલીસ પરેડ ગ્રાઉન્ડ, મહેસાણામાં જીલ્લા કક્ષાની ઉજવણી નો કાર્યક્રમ, માન. શ્રી કુંવરજીભાઈ બાવળિયા, માન. મંત્રીશ્રી, પાણી પુરવઠા, પશુપાલન, અને ગ્રામ ગૃહ નિર્માણ ગુજરાત રાજ્યના અધ્યક્ષ સ્થાને સંપન્ન થયો. આ પ્રસંગે ગણપત યુનિવર્સિટી દ્વારા કોવિડ -૧૯ ના કપરા સમયગાળા દરમ્યાન મેડિકલ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ ગણપત યુનિવર્સિટી ને માન. મંત્રીશ્રીના હસ્તે એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવી જે યુનીવર્સીટી અને સેવા કાર્યમાં સંકળાયેલ તમામ કોરોના વોરિયર્સ માટે ગૌરવની વાત છે. કોવીડ ૧૯ના બીજા વેવમાં ગણપત યુનિવર્સિટીએ ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા નિર્દેશ કરેલ આયુર્વેદિક દવાઓ ની ગુણી કોવિડ કેર કીટ તૈયાર કરી અને ૫૦૦ થી વધારે કોવિડ પોઝિટિવ દર્દીઓને વિતરણ કરવામાં આવેલ. વધુ સેવાકીય અભિગમ સાથે ગણપત યુનિવર્સિટી એ કોરોના મહામારી ને પહોંચી વળવા કોરોનાગ્રસ્ત દર્દીઓ માટે હોસ્પિટલને લગતી તમામ સુવિધાઓ સાથે સુસજ્જ ૧૦૦ બેડની પથારીવાળું કોવિડ કેર સેન્ટર કે જે મહેસાણા જિલ્લા આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે, ગુજરાત સરકારશ્રીની મંજુરીથી તા. ૨૮.૦૪.૨૦૨૧ થી કાર્યરત કરેલ. જેમાં આસપાસના ૮૬ ગામડાઓના દર્દીઓને મફત મેડીકલ તપાસ, દાખલ થવાની વ્યવસ્થા, RTPCR ટેસ્ટ, બ્લડ ટેસ્ટ, જરૂરી તમામ દવા, ઓક્સિજન તેમજ પૌષ્ટિક આહાર યુક્ત જમવાની સુવિધા, ઉકાળો, જ્યુસ તથા દર્દીઓને લાવવા લઈ જવાની પણ સુવિધા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ. સદર સેવા માં લગભગ ૩૦૦૦ થી વધુ દર્દીઓ, ૬૭૦ RTPCR, ૫૦૨ બ્લડ ટેસ્ટ, ૫૩ દાખલ કરેલ દર્દીઓએ આ સેવાનો લાભ વિના મુલ્યે લીધો છે.

ઘરમાં રહો, સુરક્ષિત રહો

રક્તદાન મહાદાન

પ્રાંતિજ ખાતે ૧૫ મી ઓગસ્ટની પૂર્વ સંધ્યાએ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મામલતદાર કચેરી દ્વારા ૧૫ મી ઓગસ્ટ ની પૂર્વ સંધ્યાએ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા જુનાગઢ ખાતે યોજાઈ રહેલ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ લાઈવ પ્રસારણ ટીવી સ્કીન ઉપર બતાવવામા આવ્યુ હતુ. પ્રાંતિજ મામલતદાર કચેરી દ્વારા ૧૫ મી ઓગસ્ટની પૂર્વ સંધ્યાને લઈને પ્રાંતિજ રેલવે સ્ટેશન રોડ ઉપર આવેલ વી.એસ. રાવલ એજ્યુકેશન કેમ્પસ ખાતે આવેલ વિશાલ હોલમા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામા આવ્યુ હતુ તો ટીવી સ્કીન ઉપર જુનાગઢ ખાતે પણ પૂર્વ સંધ્યાએ ચાલી રહેલ સાંસ્કૃતિક કાર્યક્રમ નુ સીધુ લાઈવ પ્રસારણ ટીવી સ્કીન ઉપર બતાવવામા આવ્યુ હતુ. તો આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, નગર પાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા, જિલ્લા કારોબારી ચેરમેન વિપુલભાઈ પટેલ , પ્રાંતિજ-તલોદ પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા, પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરા, તાલુકા વિકાસ અધિકારી નીતીનભાઈ પટેલ, તાલુકા પ્રમુખ , નગર પાલિકા ચીફઓફિસર ઊર્મિલાબેન સુમેસરા ઉપસ્થિત રહ્યા હતા તો પ્રાંતિજ નગરપાલિકાના કોર્પોરેટરો સહિત ગામજનો ઉપસ્થિત રહ્યા હતા અને પૂર્વ સંધ્યાએ એ ચાલી રહેલ સાંસ્કૃતિક કાર્યક્રમ નો આનંદ માણ્યો હતો અને જુનાગઢ ખાતે પણ યોજાઈ રહેલ સાંસ્કૃતિક કાર્યક્રમોને અહી હોલ મા મુકેલ ટીવી સ્કીન ઉપર નિહાળ્યો હતો.